## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




આપણે પીએ છીએ એ જ સાચુ અને શુદ્ધ છે... જો સોફ્ટડ્રીકમાં ગરોળી નીકળે છે... ફ્રુટ જામમાં નટબોલ્ટ નીકળે છે... ગુટકામાં પ્લાસ્ટીક નીકળે છે...

# સે-૬માં એલઈડી લાઈટની બેટરીની ઉઠાંતરી

ગાંધીનગર શહેરના માર્ગો પર તાજેતરમાં તંત્ર દ્વારા એલઈડી લાઈટના ઓજસ પાથરવામાં આવ્યા છે. એલઈડી લાઈટથી નગર ઝગમગતુ બની ગયું છે. ઓછા ખર્ચમાં વધુ પ્રકાશ ફેલાય છે. ત્યારે સેકટરના આંતરીક માર્ગો પર પણ તંત્ર એ જુના વિજપોલમાં આવેલી લાઈટો નીકાળીને તેના સ્થાને નવી એલઈડી લાઈટો ફીટ કરી દેવામાં આવી છે. ત્યારે સેકટર-૬ માંથી એલઈડી લાઈટની બેટરીની ઉઠાંતરીઓ થવા પામી છે. જેને પગલે સેકટરના કેટલાક ભાગમાં અંધારપટ છવાઈ જવા પામ્યું છે.

ગાંધીનગર શહેરના નિર્માણ સમયથી જ મુખ્યમાર્ગો તેમજ સેકટરના આંતરીક માર્ગ પર વિજપોલ નાંખવામાં આવ્યા છે. તંત્ર દ્વારા ફીટ કરવામાં આવેલ લાઈટોથી રાત્રે પણ શહેર ઝગમગે છે. જયારે વર્ષો જુના વિજપોલની લાઈટો દુર કરી લાઈટોનું નવીનીકરણ કરવામાં આવ્યું છે.જેમાં ઓછા ખર્ચમાં વધુ પ્રકાશ આપતી અને જાળવણી ખર્ચ ખુબ જ ઓછો હોય તેવી એલઈડી લાઈટો ફીટ કરવામાં આવી છે. સમગ્ર શહેરમાં આ લાઈટના અજવાળા પથરાયા છે.ત્યારે કેટલાક અસામાજીત ચોર તત્વો એલઈડી લાઈટની બેટરી ચોરી જતા શહેરના માર્ગો પરની લાઈટો ડુલ જોવા મળે છે. ત્યારે સેકટર-૬ બી માં પણ આ સમસ્યા સર્જાઈ છે. જેમાં સેકટરમાં રહેલા વિજપોલમાંથી એલઈડી બેટરી ચોરી જતા લાઈટો બંધ રહેતા સમગ્ર વિસ્તારમાં અંધારપટ છવાઈ જાય છે. અંધકારને પગલે નાગરીકોને ચોરીનો ભય પણ સતાવે છે. જયારે અસામાજીક તત્વોને પણ છુટો દોર મળે છે. સેકટરવાસીઓએ અનેકવાર લેખિત તેમજ મૌખિક ફરિયાદ કરવા છતા તંત્ર દ્વારા સ્થળ નિરીક્ષણ કરાયું નથી. જયારે નાગરીકોને અંધકારનો સામનો કરવો પડી રહ્યો છે. અંધકારને પગલે મહિલાઓ ઘર બહાર નીકળવાનું પણ ટાળે છે. ત્યારે ટોરેન્ટ્ તંત્ર દ્વારા એલઈડી લાઈટોની બેટરી નાંખીને વિજપોલ શરુ કરવામાં આવે તેવી નાગરીકોની લાગણી અને માંગણી છે.




સંતવાણીની સુવાસ : શહેરની જાણીતી સાંસ્કૃતિ સંસ્થા કલાગુર્જરી આયોજિત સંતવાણીની સુવાસ કાર્યક્રમનો રાજ્યના લોકપ્રિય ભજનિકો સર્વ શ્રી હેમંત ચૌહાણ, ડૉ. નિરંજન રાજ્યગુરુ, ભારતીબેન વ્યાસ, નિરંજન પંડ્યાએ લોકપ્રિય રચનાઓ રજૂ કરી પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા હતા.

### રાત્રે પડેલા વરસાદ દરમિયાન

# રસ્તા વચ્ચે પડી ગયેલા બાવળમાં ઘુસી જતા બાઈકચાલક શિક્ષકનું મૃત્યુ

**વહેલી વસારે માણસાથી કપડવંજ જઈ રહેલા શિક્ષકને રાંધેજા-પેથાપુર માર્ગ પર અકસ્માત નડયો : ૨૯ વર્ષીય શિક્ષકનું સ્થળ પર મૃત્યુ**

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર આસપાસના વિસ્તારોમાં ગઈ રાત્રે વરસાદની પધરામણી થઈ હતી. પહેલા વરસાદથી ઘણા વિસ્તારોમાં વૃક્ષો પણ ધરાશાયી થયા હતા. પેથાપુર-રાંધેજા માર્ગ પર એક બાવળનું વૃક્ષ તુટીને રોડ વચ્ચે પડી ગયું હતું.વહેલી સવારે માણસાથી ૨૯ વર્ષીય શિક્ષક તેમનું બાઈક લઈને કપડવંજ જવા નિકળ્યા હતા ત્યારે રાંધેજા-પેથાપુર માર્ગ પર અંધારામાં આ ધરાશયી થયેલું બાવળ ન દેખાતા બાવળમાં બાઈક ઘુસી ગયું હતું અને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા શિક્ષકનું સ્થળ પર કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. પેથાપુર પોલિસે ગુનો દાખલ કરીને ઘટનાની તપાસ શરુ કરી છે.

માણસા ખાતે મહાલક્ષ્મી સોસાયટીમાં મકાન નં. ૬ ખાતે રહેતા ૨૯ વર્ષીય અજયસિંહ રાજબહાદુર યાદવ કપડવંજ ખાતેની શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા હતા. પરિણીત શિક્ષક અજયસિંહને સંતાનમાં એક દિકરો પણ છે. આજે વહેલી સવારે પોણા પાંચ વાગ્યે તૈયાર થઈને અજયસિંહ પોતાનું બાઈક નં. જીજે ૧૮ સીએફ ૧૧૯૪ લઈને કપડવંજ ખાતે શાળાએ જવા નીકળ્યા હતા.

રાત્રે પડેલા વરસાદથી રાંધેજા-પેથાપુર માર્ગ વચ્ચે કેટલાક ઝાડ પડી ગયા હતા. વહેલી સવારે અજયસિંહ આ માર્ગથી બાઈક પર નીકળ્યા ત્યારે રસ્તા વચ્ચે પડેલા બાવળના ઝાડ પર ધ્યાન ન પડતા બાઈક બાવળમાં ઘુસી ગયું હતું અને માથાના ભાગે ગંભીર ઈજા થતા ઘટના સ્થળ પર જ શિક્ષકનું કરૂણ મૃત્યુ નિપજયું હતું. પેથાપુર પોલિસે મૃતક શિક્ષકના પિતાની ફરિયાદ લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે તો બીજી તરફ શિક્ષકના મૃત્યુના સમાચારથી માણસા પંથકમાં તથા કપડવંજની શાળામાં શોકની કાલીમા છવાઈ ગઈ હતી.

# ગાંધીનગર(ઉ)ની બેઠક માટે બુથ સશક્તિકરણ અભિયાન સોમવારે યોજાશે

ગુજરાત કહે છે કોંગ્રેસ આવે છે ના સૂત્રને સાર્થક કરી નવસર્જન ગુજરાતના લક્ષ્યને પરિપૂર્ણ કરવા ગુજરાતની ૨૬ લોકસભા નિરિક્ષકો અને ૧૮૨ વિધાનસભા નિરિક્ષકોની નિમણૂંકો કરીને બુથ મેનેજમેન્ટ અંગે માઈક્રો પ્લાનીંગ કરીને ચૂંટણીલક્ષી કામગીરી શરૂ કરી દીધી છે. પ્રદેશ કોંગ્રેસ દ્વારા અપાયેલ માર્ગદર્શિકા પ્રમાણે જિલ્લા કોંગ્રેસે તમામ બેઠકો પર ચૂંટણીલક્ષી કામગીરી પ્રારંભી દીધી છે. જે સંદર્ભે ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રભારી અને જિલ્લા નિરિક્ષકો ઉપરાંત અખિલ ભારતીય કોંગ્રેસના મંત્રીઓ પણ ગુજરાતના જિલ્લે જિલ્લે કોંગ્રેસના સંગઠનને ચેતનવંતુ કરવા પ્રવાસ કાર્યક્રમો યોજીને કાર્યકરો અને પ્રજા સાથે સીધો પરામર્શ કરી રહ્યા છે.

આગામી વિધાનસભાની ચૂંટણીના જંગને જીતવા માટે વિધાનસભાના પ્રત્યેક બુથ પ્રમુખ અને સદસ્યોને તાલીમ આપવાના કાર્યક્રમ તા. ૧૨-૬-૧૭ સોમવારના રોજ સવારે ૧૦ કલાકે સ્ટાફ ટ્રેનિંગ કોલેજ, ચ-૫, ફૂવારા, સે. ૧૭ ગાંધીનગર ખાતે શહેર કોંગ્રેસ પ્રમુખ ડૉ. કૌશિક શાહના અધ્યક્ષસ્થાને ૩૬-ગાંધીનગર ઉત્તર વિધાનસભા મત વિસ્તાર સંગઠન તથા બુથ સશક્તિકરણ સંમેલન યોજાશે. જેમાં અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના સચિવ વર્ષાતાઈ ગાયકવાડ, ઝોન પ્રભારી લાખાભાઈ ભરવાડ તેમજ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી અને લોકસભા નિરીક્ષક સાગરભાઈ રાયકા, વિધાનસભા નિરીક્ષક જે.એમ. ત્રિવેદી તથા શહેરના પ્રભારી ડૉ. જીતુભાઈ પટેલ તથા પ્રદેશ અગ્રણી તથા નગરસેવકો ઉપસ્થિત રહેશે.

# ચિલોડા-શિહોલી ગ્રુપ માધ્યમિક શાળા ખાતે પ્રવેશોત્સવ ઉત્સાહપૂર્વક યોજાયો

ચિલોડા, તા. ૧૦

તાલુકાના ચિલોડા ખાતે આવેલ ચિલોડા-શિહોલી ગ્રુપ માધ્યમિક શાળાના પટાંગણમાં શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ શાળાના મેનેજીંગ ટ્રસ્ટી બાલસ્વરૂપદાસજી મહંતના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.

આ પ્રસંગે શાળાની બાળાઓએ પ્રાર્થના અને સ્વાગત ગીતથી મહેમાનોનુ સ્વાગત કર્યુ હતુ. ગુજરાત પ્રદેશ પ્રાથમિક સંઘના પ્રમુખ વિક્રમસિંહ ચાવડા, પ્રાથમિક સંઘના ઉપપ્રમુખ સુજલભાઈ, કો.ઓર્ડિનેટર, મુલ્યાંકન અધિકારી જયેશભાઈ, શાળાના ટ્રસ્ટીમંડળના સભ્ય કેશાભાઈ પટેલ, કાલીદાસભાઈ પટેલ, શાળાના ડાયરેક્ટર પી.પી. પટેલ તથા ભૂતપૂર્વ વિદ્યાર્થી અને પત્રકાર નટુભાઈ પટેલ, પ્રાથમિક શાળાના આચાર્ય માનસિંહ ચૌધરી હાજર રહ્યા હતા.

# મૂલ્યાંકનકારે સમાનાર્થી શબ્દ માટે સંકેત આપવા વાત કહી તો માથાકુટ છોડો નવી પેન લઈ આવુ...વિદ્યાર્થી

ગાંધીનગર, તા. ૧૦

મારી પેન ખોવાઈ ગઈ છે અને તેને હુ ગોતી રહ્યો છુ પણ મળતી નથી. આ બાબતને તમારે રજુ કરવી હોય તો તમે કયા શબ્દો વાપરીને મને કહેશો તેવા એક પ્રશ્નના ઉત્તરમાં વિદ્યાર્થીએ મૂલ્યાંકનકારને કહ્યુ છોડો બધી વાત નવી પેન લઈ આવુ...!

હા; આ જોક નથી પણ વાસ્તવિકતા છે આજે શૈક્ષણિક મૂલ્યાંકન દરમ્યાન એક વિદ્યાર્થીએ ગોતવા શબ્દનો સમાનાર્થી શબ્દ પુછી સંદર્ભમાં આ વાત કરી સંકેત આપવાનો પ્રયાસ કર્યો હતો ત્યારે બાળકે આપેલ જવાબ છે.

**પ્રવેશોત્સવની કેટલીક ખાટી મીઠી વાતો**

આવી ઘણી બધી ખાટીમીઠી વાતો ત્રિદિવસીય શાળા પ્રવેશોત્સવ દરમ્યાન સાંભળવા મળી છે જેની કેટલીક વાતો અત્રે રજુ કરીએ છીએ.

જિલ્લા કલેક્ટર સતીષ પટેલ આજે પ્રવેશોત્સવ મોટી પાવડીથી પતાવી પરત ફરતાં આંત્રોલી પ્રા. શાળામાં ગયા હતા. ત્યાં પુનઃ નામાંકન થયેલ એક બાળકને બોલાવી શાળાના તેના જ વર્ગના બે હોંશિયાર વિદ્યાર્થીને સાથે લઈ સ્કૂલે લાવવાની જવાબદારી સોંપી મિત્રતા ત્રણેય વચ્ચે કરી આપી હતી.

તેમણે શાળાના દરેક વર્ગમાં જઈ મૂલ્યાંકનની કામગીરી કરી હતી.

જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈએ કુડાસણ, કરાઈ, બાલવા ખાતે બાળકોને વૃક્ષનું માનવજીવનમાં મહત્વ સમજાવ્યુ હતુ. તો તેમણે કરાઈ અને રણાસણમાં જળસંચય અને વ્યસનમુક્તિ અભિયાન વિશે જનજાગૃતિની સાથે સાથે બાળકોને પણ પાણીનો વેડફાટ અટકાવવાની વાત જળસંચયનો જ ભાગ હોવાનુ કહ્યુ હતુ.

સાતમા ધોરણમાં ભણતા બાળકને તેનુ નામ અને સરનામુ ખબર ન હતી એટલુ જ નહિ ૫૪ પછી શુ આવે અને ૬૯ કેવી રીતે લખી શકાય તે પણ આવડતુ ન હતુ તેવો એકરાર શિક્ષણ સમિતિના ચેરમેન ગીતાબેન પટેલે ઔપચારિક વાતચીતમાં કર્યો હતો. તેમણે કહ્યુ કે બાળકો પ્રવેશોત્સવ પછી તુરત જ મૂલ્યાંકનને લઈ ગભરાયેલી હાલતમાં વધુ જોવા મળતા હતા. તેમજ ભણતરનો ભાર અનુભવતા હોય તેવુ પણ જણાયુ છે.

શ્રીમતિ પટેલે તો શિક્ષકોને પણ ટપારી બાળક નિર્ભિક બને તે જોવા અને સાચુ શિક્ષણ, ગુણવત્તાસભર શિક્ષણ મળે તેના પર ભાર મુક્યો હતો.

આ વખતે પ્રવેશોત્સવ સાથે મીની ગુણોત્સવનો અભિગમ અપનાવવામાં આવ્યો હતો.

ગુડાના ચેરમેન આશિષ દવેને તો પ્રવેશોત્સવમાં બાળપણની યાદ આવી અને સાથે સાથે શૈક્ષણિક કામગીરી કરી બાળકોની વચ્ચે રહી ગણિત-ગમ્મત માણવાની મઝા પડી હતી.

